# ગણેશોત્સવનો પ્રારંભ : લોકોમાં ઉત્સાહની હેલી

મુંબઈ,તા.૯

મુંબઈમાં આજે ધામધૂમ પૂર્વક વિધ્નહર્તા દેવ ગણેશજીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે અને સાથે સાથે લોકોએ ઘરો અને મોહલ્લાઓમાં ગણેશજીની સ્થાપના કરી દીધી છે. મુંબઈમાં સૌથી લોકપ્રિય લાલબાગના રાજાની સુરક્ષા માટે ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે લાલબાગના રાજાના દર્શન માટે દરરોજ દોઢ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઊમટી પડે છે. મુંબઈમાં સૌથી લોકપ્રિય ગણાતા ગણેશ ઉત્સવની આજથી શરૂઆત થઈ છે. લોકોએ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પોતાના ઘરોમાં ગણેશજીની સ્થાપના કરી છે. અનેક સ્થાનો પર સાર્વજનિક ગણેશ ઉત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મુંબઈના ગણેશ ઉત્સવ મંડળોના પ્રતિનિધીના જણાવ્યા મુજબ આ વર્ષે શાળાના છોકરા-છોકરીઓ માટે ૧૦ દિવસના ગણેશ ઉત્સવમાં ધાર્મિક કર્મકાંડ સંપન્ન કરાવવા માટે ખાસ પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. મુંબઈમાં ગણેશ ઉત્સવ દરમિયાન પૂજારીઓની તંગીની સ્થિતિના કારણે વિદ્યાર્થીઓને ધાર્મિક ક્રિયાથી પ્રશિક્ષિત કરવાનું પગલું આ સંગઠને ઉઠાવ્યું છે. ત્યારે બીજીબાજુ ગણેશ ઉત્સવ દરમિયાન શહેરની સુરક્ષાને ધ્યાનમાં રાખી મુંબઈના પોલીસ કમીશનર સત્યપાલ સિંહે પણ કેટલાક સૂચનો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ ગણેશ ઉત્સવ દરમિયાન સુરક્ષા માટે ખાસ



યોજના તૈયાર કરવામાં આવી છે. જો કે કોઈપણ યોજના જનતાના સહયોગ વગર પૂર્ણ કરી શકાય તેમ નથી જેથી લોકોએ ઉત્સવ દરમિયાન પોતાના આંખ અને કાન ખુલ્લા રાખવાની જરૂર છે.

પોલીસે આ માર્ગદર્શક પુસ્તક શહેરના છ હજાર ગણેશ મંડળોમાં વહેચ્યું છે જેમાં ઉત્સવ દરમિયાન આયોજનનું આયોજન, વાહન વ્યવહારની વ્યવસ્થાપન અને પોલીસની વિવિધ એજન્સીઓના ફોન નંબરો સામેલ છે. મુંબઈના પોલીસ કમીશનરે દાવો કર્યો છે કે ગણેશ ઉત્સવ દરમિયાન શહેરમાં આતંકવાદી હુમલાની કોઈ ચેતવણી મળી નથી. તેમ છતાં ગણેશ મંડળના આયોજકોને સુરક્ષાના આયોજનોથી માહિતગાર કરાયા છે જેને ગણેશ ઉત્સવ દરમિયાન અમલમાં મૂકાશે. બીજી બાજુ મોંઘવારી અને સુરક્ષાની ચિંતાઓથી પર ભક્તો ગણેશ ઉત્સવને ઉજવવામાં મગ્ન બન્યા છે.

## મુજફ્ફરનગર હિંસા મામલે રાજનીતિ : સ્થિતિ હજુ વિકટ

લખનૌ, તા૯

ઉત્તરપ્રદેશનાં મુજફ્ફરનગરનાં કોમી રમખાણો પર હવે રાજનીતિ શરૂ થઈ છે. મુજફ્ફરનગર સેનાનાં હવાલે છે. અને પરિસ્થિતિ હજુ પણ અંજપાભરી છે ત્યારે રાજકીય પાર્ટીના નેતાઓ મુજફ્ફરનગર આવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આજે ભાજપ અને આરએલડીના નેતાઓ મુજફ્ફરનગર આવી રહ્યા હતા, તે પહેલા જ તેમની અટકાયત કરવામાં આવી. રવિશંકર પ્રસાદ અને



ભાજપના ૨ સાંસદોની ગાઝીયાબાદમાં અટકાયત કરવામાં આવી. ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદની આગેવાનીમાં ભાજપ દ્વારા ફેક્ટ ફાઈન્ડિંગ ટીમ બનાવાઈ છે, જે આજે મુજફ્ફરનગર જઈ રહી હતી. આ ટીમમાં રવિશંકર પ્રસાદ સિવાય મેરઠનાં સાંસદ રાજેન્દ્ર અગ્રવાલ અને આગ્રાના સાંસદ રામશંકર કઠેરિયાનો સમાવેશ થાય છે. અટકાયત બાદ રવિશંકર પ્રસાદે કહ્યું કે અમે શાંતિનો સંદેશ લઈને જઈ રહ્યા હતા, પણ પોલીસે અમને રોકી લીધા. વોટ બેંકની રાજનીતિ અટકવી જોઈએ. જ્યારે ભાજપ અધ્યક્ષ રાજનાથ સિંહે કહ્યું કે મુજફ્ફરનગરમાં હાલત બેકાબૂ છે અને કેન્દ્ર સરકારે આ મામલે દખલ કરવી જોઈએ. જ્યારે રાષ્ટ્રીય લોકદળનાં નેતા અજિતસિંહ અને તેમના પુત્ર જયંત ચૌધરી પણ મુજફ્ફરનગર થઈ રહ્યા હતા, ત્યારે ગાઝીયાબાદમાં તેમની અટકાયત કરવામાં આવી.

## દિવાળી બાદ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાશે

નવી દિલ્હી, તા. ૯

ચૂંટણી પંચ સપ્ટેમ્બરના અંત સુધી પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી માટેની તારીખ જાહેર કરે તેવી શકયતા દેખાઈ રહી છે. પાંચ રાજ્યોમાં ચૂંટણી દિવાળી બાદ યોજાય તેવી શકયતા પ્રબળ બની ગઈ છે. ચૂંટણી પંચ દ્વારા સુરક્ષાદળોની તૈનાતી અને અન્ય તમામ મુદ્દા પર વાતચીતની પ્રક્રિયા શરૂ કરી દીધી છે જે પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી દિવાળી બાદ યોજાનાર છે તેમાં દિલ્હી ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મિઝોરમનો સમાવેશ થાય છે. આ વિધાનસભાની ચૂંટણીને એપ્રિલ-મે ૨૦૧૪માં યોજાનારી દેશની સામાન્ય ચૂંટણી પહેલા સેમિફાઈનલ તરીકે ગણવામાં આવે છે. મિઝોરમ સિવાય આ તમામ રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા થશે. એક બાજુ દિલ્હીમાં કોંગ્રસના શિલા દિક્ષીત છેલ્લા ૧૫ વર્ષથી શાસનમાં છે જ્યારે ભાજપ એક દશકથી મધ્યપ્રદેશમાં શાસનમાં છે. રાજસ્થાનમાં કોંગ્રેસે વર્ષ ૨૦૦૮માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પર શાનદાર જીત મેળવી હતી. સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે દિલ્હી, મિઝોરમ અને મધ્યપ્રદેશમાં એક તબક્કામાં જ વિધાનસભાની ચૂંટણી યોજાશે પરંતુ સુરક્ષાદળોની તૈનાતીને લઈને એકથી વધુ તબક્કામાં ચૂંટણીનો કાર્યક્રમ પણ જાહેર કરવામાં આવી શકે છે. છત્તીસગઢમાં ચૂંટણી બે તબક્કામાં યોજાઈ શકે છે કારણ કે માઓવાદીગ્રસ્ત જિલ્લાઓમાં ચૂંટણી અન્ય તારીખે યોજાશે. ચૂંટણી પંચના એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યુ છેકે દિવાળીના તહેવાર બાદ પાંચ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. બીજી નવેમ્બરના દિવસે દિવાળી છે. અધિકારીઓનું કહેવું છે કે જુદા જુદા રાજ્યો માટે નવેમ્બરના મધ્યથી ચૂંટણી શરૂ થશે અને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી આ સમગ્ર પ્રક્રિયા ચાલશે. તમામ રાજ્યોમાં મતગણતરીની પ્રક્રિયા ક્રિસમસ પહેલા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા ડિસેમ્બરના મધ્યમાં એક સાથે યોજાશે. દિલ્હી વિધાનસભાની અવધિ ૧૭મી ડિસેમ્બરે પૂર્ણ થઈ રહી છે. જ્યારે મધ્યપ્રદેશમાં વિધાનસભાની અવધિ ૧૨મી ડિસેમ્બરે પૂર્ણ થશે. મિઝોરમમાં વિધાનસભાની અવધિ ૧૬ ડિસેમ્બરમે પૂર્ણ થશે જયારે રાજસ્થાનમાં વિધાનસભાની અવધિ ૩૧મી ડિસેમ્બરમે પૂર્ણ થશે. છત્તીસગઢમાં ચોથી જાન્યુઆરીના દિવસે અવધિ પૂરી થશે. મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપત ચૂંટણી કમિશનરો એચએસ બ્રહ્મા અને નસિમ જૈદી સાથે મળીને મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને ગૃહમંત્રાલયના અધિકારીઓ સાથે તૈયારીના સંબંધમાં વાતચીત કરી ચુક્યા છે.

## બાબા રામદેવ ભ્રષ્ટાચાર સામે સમગ્ર દેશમાં આંદોલન યોજશે

નવી દિલ્હી,તા. ૯

કોંગ્રેસના કથિત ભ્રષ્ટાચારોને લોકો સમક્ષ લાવવા માટે યોગગુરુ બાબા રામદેવે દેશવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે.

બાબા રામદેવ આ આંદોલન ૧૩ સપ્ટેમ્બરના દિવસે શરૂ કરવા જઈ રહ્યા છે. બાબા રામદેવે જણાવ્યું હતુકે તેઓ ૧૩ સપ્ટેમ્બરથી કોંગ્રેસ વિરુદ્ધમાં દેશવ્યાપી આંદોલન શરૂ કરશે અને તેની શરૂઆત મધ્યપ્રદેશથી કરશે. ત્યારબાદ તેઓ દેશના તમામ રાજ્યોમાં કોંગ્રેસ વિરુદ્ધ આંદોલન શરૂ કરશે. આ ઉપરાંત તેઓ બ્રિટન અને અમેરિકામાં પણ કોગ્રેસ વિરુદ્ધ આંદોલન શરૂ કરશે. યોગગુરુ બાબા રામદેવ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ફરીવાર સક્રિય બનવા જઈ રહ્યા છે. આ વખતે તેઓ કોંગ્રેસના ભ્રષ્ટાચારો લોકો સમક્ષ ખુલ્લા પાડવાના ઉદ્દેશ્યથી દેશવ્યાપી આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી છે. આ આંદોલન તેઓ ૧૩ સપ્ટેમ્બરના રોજ મધ્યપ્રદેશથી કરશે અને ધીમે ધીમે દેશનાઅન્ય રાજ્યોમાં પણ તેને ફેલાવશે.

આ અંગે બાબા રામદેવે જણાવ્યું હતુ કે મારી આ લડાઈ સરકાર વિરુદ્ધ છે અને આ આંદોલન દ્વારા અમે લોકોને યુપીએ સરકારના ભ્રષ્ટાચારો, કાળાધન વિશે જાગૃત કરવા માંગીએ છીએ. સમગ્ર દેશમાં રેલીઓ નીકાળીને મોંઘવારીના મુદ્દે કોંગ્રેસ સરકારને ભીસમાં લેવામાં આવશે. બાબા રામદેવની સાથે આ આંદોલનમાં ભાજપમાંથી સસ્પેન્ડેડ અગ્રણી વકીલ રામ જેઠમલાણી અને ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી પણ જોડાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે રામદેવ પહેલેથી જ વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદીને સમર્થન આપી રહ્યા છે ત્યારે નિષ્ણાંતો તેમના આ આંદોલનને લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના પ્રચારના ભાગરૂપે જોઈ રહ્યા છે.

## ૧૧ સપ્ટેમ્બરથી કેદારનાથમાં ભગવાનની પૂજા પ્રારંભ કરાશે

કેદારનાથ,તા.૯

ઉત્તરાખંડમાં ભૂસ્ખલનની દુર્ઘટના બાદ કેદારનાથની પૂજા ફરીથી શરૂ કરવાની તૈયારીઓ તેના છેલ્લા પડાવમાં છે. ઉખીમઠથી હેલિકોપ્ટર મારફતે કેદારનાથની મૂર્તિને લાવીને ફરી પ્રસ્થાપિત કરવામાં આવશે. મંદિર સમિતિના પ્રવક્તાનું કહેવું છે કે ૧૧ સપ્ટેમ્બરે સવારે ૭ વાગ્યાથી ધાર્મિક વિધિ પ્રમાણે પૂજા શરૂ કરવામાં આવશે.



૧૬ અને ૧૭ જૂનના રોજ ભગવાન કેદારનાથના ધામમાં વાદળ ફાટવાથી મહાપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી જેમાં ભગવાનનું પરમ ધામ ખંડેર બની ગયું હતું અને ભૂસ્ખલનના લીધે અનેક માર્ગો નામશેષ બન્યા હતા. આ દુર્ઘટનામાં અનેક ભક્તોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ભુસ્ખલનના લીધે સર્જાયેલી પરિસ્થિતિના કારણે કેદારનાથને જોડતા માર્ગો હજુ પણ તૂટેલા છે. જો કે આવી સ્થિતિ વચ્ચે પણ આસ્થાના પરમ ધામ કેદારનાથમાં મહાદેવની પુનઃ પૂજા શરૂ કરવાની તૈયારીઓ તેના અંતિમ પડાઓમાં છે. પૂરતી સુવિધાઓનો વિકાસ ન થઈ શક્યો હોવાથી કેદારનાથમાં અત્યારે તો માત્ર ૩૦ સાધુઓ કેદારનાથની પૂજા શરૂ કરશે. જોકે કેદારનાથની યાત્રા ક્યારે શરૂ થશે તે અંગે કોઈ અનુમાન જાહેર કરવામાં આવ્યું નથી. મંદિર સમિતિના જણાવ્યા મુજબ ૧૧ સપ્ટેમ્બરે ઉખીમઠથી હેલિકોપ્ટર મારફતે કેદારનાથની મૂર્તિને લાવીને મૂળ સ્થાને ફરી પ્રસ્થાપિત કરવામાં આવશે અને સવારે સાત વાગે હિંદુ ધર્મના પવિત્ર સર્વાર્થસિદ્ધિ અમૃત યોગમાં પૂર્ણ ધાર્મિક વિધિવિધાન સાથે ભગવાનની પૂજા શરૂ કરવામાં આવશે. આ અંગે ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ જણાવ્યું હતું કે લોકોની આસ્થા ટકાવી રાખવા ભગવાનની પૂજા શરૂ કરી દેવાશે. શંકરાચાર્યજી નજીકના સમયમાં ૯૦ વર્ષના થઈ રહ્યા છે ત્યાં સુધી પ્રશાસન તમામ માળખાકીય સુવિધાઓ વિકસાવી કેદારનાથની યાત્રા શરૂ કરી શંકરાચાર્ય તેમના જન્મ દિવસની ભેટ આપવામાં આવશે.

## નવા મોબાઈલ કનેક્શન માટે આધારકાર્ડ ફરજિયાત બનશે

નવી દિલ્હી,તા. ૯

કેન્દ્ર સરકાર નવા મોબાઈલ કનેક્શન લેવા માટે આધાર કાર્ડને ઓળખ તરીકે ઉપયોગ કરવા અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરી રહી છે. આ અંગેના નવા નિયમો આ વર્ષના અંત સુધી જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. આ નિયમોમાં મોબાઈલ કનેક્શન લેવા માટે આધાર કાર્ડને ફરજિયાત કરવામાં આવી શકે છે.

ટેલિકોમ વિભાગના સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સરકાર નવા મોબાઈલ કનેક્શન મેળવવા માટે આધારકાર્ડને ઓળખપત્ર તરીકે રજૂ કરવા અંગે ગંભીરતાથી વિચાર કરી રહી છે. આ નવા નિયમોના અમલ બાદ મોબાઈલ કાર્ડ વિક્રેતાઓ ગ્રાહકની આંગળીના નિશાન લઈ તેમના યુઆઈડી કાર્ડ ડેટાને ઓનલાઈન ચકાસણી કરી શકશે.

## સેરેના વિલિયમ્સે અમેરિકન ઓપન જીતી ઈતિહાસ રચ્યો

ન્યુયોર્ક,તા. ૯

સેરેના વિલિયમ્સે આજે ન્યુયોર્ક ખાતે રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલાઓની સિંગલ્સ ફાઈનલ મેચમાં વિક્ટોરિયા અજારેન્કા પર જીત મેળવીને નવો ઈતિહાસ રચ્યો હતો. સેરેનાએ તેની ૧૭મી ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયશીપ જીતી હતી. આ ઉપરાંત તે સૌથી મોટી વયમાં યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયશીપ જીતનાર ખેલાડી પણ બની ગઈ હતી. સેરેનાનો યુએસ ઓપનમાં કુબ શાનદાર દેખાવ રહ્યો છે. તે સાત વખત અહીં ફાઈનલમાં રમી છે. જે પૈકી પાંચ વખત ચેમ્પિયન બની છે. વર્ષ ૨૦૦૭માં જસ્ટીન હેનિન બાદ તે પ્રથમ ટોપ સિડેડ ચેમ્પિય બની છે. સેરેના હવે માર્ટિના નવરાતિલોવા અને ક્રિસ એવર્ટના રેકોર્ડની બિલકુલ નજીક પહોંચી છે. તેની કેરિયર સ્લેમના ટંકથી તે માત્ર એક ટ્રોફી દુર છે. નિવૃતિ લઈ ચુકેલી જર્મનીની સ્ટેફી ગ્રાફે ૨૨ ચેમ્પિયશીપ જીતી હતી. સેરેનાએ તેના ૩૨માં જન્મદિવસતી માત્ર ૧૮ દિવસ પહેલા આ ટ્રોફી જીતી છે. જેથી તે સૌથી મોટી વયે ચેમ્પિયન બનનાર ખેલાડી પણ છે. અગાઉ ઓસ્ટ્રેલિયાની માર્ગોરેટ કોર્ટે વર્તમાન વયના માર્કે ૧૯૭૩માં ચેમ્પિયશીપ જીતી હતી. સેરેનાએ ફાઈનલમાં આજારેન્કા પર ૭-૫, ૬-૭ અને ૬-૧થી જીત મેળવી હતી. અજારેન્કાએ પણ સમગ્ર મેચ દરમિયાન જોરદાર દેખાવ કર્યો હતો. આ મેચ ખુબ રોમાંચક બની હતી. મેચ જોવા માટે મોટી સંખ્યામાં ટેનિસ ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. સેરેનાની તરફેણ કરનાર ચાહકો વધારે રહ્યા હતા. સેરેનાના કેટલાક સંબંધી પણ પહોંચ્યા હતા.

## સમાચાર ઝલક

- ♥ મુઝફ્ફરનગરમાં માનવ અધિકારનો ભંગ થયો છે, જેની માનવ અધિકારપંચ તપાસ કરશે : જસ્ટીસ બાલકૃષ્ણન.
- ♥ કાશ્મીર-ઉત્તરપ્રદેશમાં કોમી રમખાણોના ૧૦૦થી વધુ બનાવો બનેલ છે.
- ♥ દેશભરમાં ગણેશ ઉત્સાહ ભારે ધામધૂમથી ઉજવાયો, સાથે સાથે જૈનોનાં પણ ઉજવાયો સંવત્સરીનો પર્વ.
- ♥ ફિલ્મ ઉદ્યોગમાં કયારેય મંદી જણાતી નથી : અમિતાભ બચ્ચન.
- ♥ દિલ્હી સહિત મોટા શહેરોમાં આતંકી હુમલાની આશંકાથી એલર્ટ.
- ♥ ગ્વાટેમાલામાં બંદૂકધારીએ ગોળીબાર કરતાં ૧૧નાં મોત.
- ♥ દાઉદને પકડવા ગૃહમંત્રાલયની તૈયારી : ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે.
- ♥ ઓઢવ વિસ્તારમાં અકસ્માતમાં એકટીવા સવારનું કરૂણ મોત.
- ♥ ઓલમ્પિક રમતોમાં કુસ્તીની રમત માટે બહુમતી મળી.
- ♥ ઉત્તરપ્રદેશ સરકારનો અહેવાલ રાજયપાલે દિલ્હી મોકલ્યો.
- ♥ શ્રીનગરમાં સરકારી કર્મચારીઓનાં દેખાવો.
- ♥ બેંગકોકમાં વિમાની અકસ્માત થતા રહી ગયો, મુસાફરોનો ચમત્કારીક બચાવ.
- ♥ પંજાબમાં ડેન્માર્કની યુવતીની છેડતી કરવા બદલ એક યુવકની ધરપકડ.
- ♥ મુનમુન હુસેન પાકિસ્તાનના નવા પ્રમુખ બનશે.
- ♥ રૂપિયો નબળો થતાં ત્રણ વર્ષમાં સૌથી તળિયે વિદેશી હુંડિયામણ.
- ♥ ડીસા જી.આઇ.ડી.સી.માં પત્નીએ સાસુની કરપીણ હત્યા કરી.
- ♥ ડોકટરોની પ્રેક્ટિસ બંધ થતાં આંદોલન.
- ♥ રોહતકમાં બીલ ચુકવણીમાં હોટલ માલિકને ગ્રાહકે ગોળી મારી.
- ♥ મુંબઇમાં ૨૩૦ કરોડનો વીમો ગણપતિ બાપાનો લેવામાં આવ્યાં.
- ♥ મહારાષ્ટ્રમાં રામદેવ વિરૂદ્ધ છેતરપીંડીની ફરિયાદ.
- ♥ અમદાવાદમાં દાણીલીમડામાં પુત્રી પર પિતાનો બળાત્કારની ફરિયાદ થઇ.

## ગાંધીનગર ગણેશમય બન્યું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શ્રીજીની યાત્રાનું સેક્ટરોમાં સ્વાગત થયું હતું. બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, યુવા પાંખના કેતન વ્યાસ, પ્રિતેશ વ્યાસ, કનૈયાલાલ પંડ્યા સહિત ભાવિકો મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયા હતા. સે. ૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે ગણેશજીની પૂજા-અર્ચના કરી સ્થાપના કરવામાં આવી હતી. સે. ૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરના યુવક મંડળ દ્વારા સે. ૬-એ ખાતે જયેશભાઈ પ્રજાપતિના નિવાસસ્થાનેથી શ્રીજીની શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. બેન્ડવાજા અને ઢોલના તાલે ભાવિકોએ ગુલાલની છોળો ઉડાડી ગણપતિબાપાની જયઘોષ કર્યો હતો. સેક્ટરના રૂટમાં ફરીને શોભાયાત્રા સે. ૬ ભુવનેશ્વર મંદિર પહોંચી હતી. જ્યાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોની સાથે ભુવનેશ્વર યુવક મંડળના સંદીપ જોષી તેમજ જીલુભા ધાંધલના હસ્તે શ્રીજીની પૂજાવિધી કરવામાં આવી હતી. સે. ૨-બી યુવકમંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ અન્વયે સે. ૨-એમાં બાબુભાઈ પટેલના નિવાસસ્થાનેથી શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. સેક્ટરવાસીઓએ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ડી.જે.ના તાલે ભાવિકો વાજતે-ગાજતે શ્રીજીની પૂજા અર્ચના કરી હતી. પથિકાશ્રમ દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણીના પ્રારંભે શ્રીજીની ભવ્ય મૂર્તિની સ્થાપના અને પૂજાવિધિ કરવામાં આવી હતી. પથિકાશ્રમના એમ.ડી. અંબુસિંહ ગોલના હસ્તે ગણેશજીની પૂજા કરવામાં આવી હતી. આ ઉપરાંત સવારે ૧૦ કલાકે ગણેશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૮ મોદકની આહુતિ આપવામાં આવી હતી. પથિકાશ્રમના સી.ઈ.ઓ. અજય ગઢવીએ પૂજાનો લાભ લીધો હતો. સે. ૪ ગણેશોત્સવ સમિતિ દ્વારા સે. ૪-એમાં આત્મારામ પટેલના નિવાસસ્થાનેથી શ્રીજીની શોભાયાત્રા યોજવામાં આવી હતી. ડી.જે.ની સૂરાવલી અને આતશબાજી સાથે શ્રીજીની યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. બપોરે ૧૨ કલાકે સે. ૪ સ્થિત ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે ભગવાનની પૂજાવિધિ કરવામાં આવી હતી.

## વિશ્વ કૃષિ સંમેલન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પરીણામે આ પ્રદર્શન એશિયાનું અગ્રણી એક્ઝીબીશન બની રહેશે. એગ્રી ટેક એશિયા-૨૦૧૩માં કૃષિ વૈજ્ઞાનિક પદ્ધતિઓના નિદર્શન સાથે કૃષિ ક્ષેત્રના જુદા જુદા ૨૫ જેટલાં સેક્ટરો આવરી લેવામાં આવ્યા છે. ખેતી પહેલાં સિંચાઈ અને ટેકનોલોજી, ગ્રીનહાઉસ પ્લાસ્ટીકલ્ચર, કૃષિ ઉદ્યોગ, ડેરી ટેકનોલોજી લાઈવ સ્ટોક ફેબ્રીકેશન, પશુપાલન, ખાતર, સરકારી એસોસીએશન, બિયારણ કંપની કોઈર પ્રોડકટ, એગ્રો કેમિકલ્સ અને તેના પાર્ટસ ઉત્પાદકો, ફુડ ટેકનોલોજી, ટાયર, પેકેજીંગ, પમ્પસ, પરંપરાગત ઉર્જા વાયર ટેકનોલોજી, કૃષિ વપરાશી વસ્તુઓ, કૃષિ મેનેઝીન-અખબારો અને વેબ પોર્ટલ ક્ષેત્રની ટોચની કંપનીઓએ ભાગ લીધો છે. એગ્રીટેક એશિયા-૨૦૧૩માં પશુપાલન અને ડેરી ફાર્મ ઉદ્યોગ અને ખેડૂતોને જાણકારી મળે તે હેતુથી ખાસ સેકશન ઉભું કરવામાં આવ્યું છે. ખેડૂતો અત્યાંધુનિક કૃષિજ્ઞાન દ્વારા વધુ કમાણી કરી શકે, રોજગારીનું નવું સાધન ઉભું થાય તેની માહિતી ઉપરાંત વધુ પાક ઓછી જમીનમાં કેવી રીતે લેવાય, પાક ઉગ્યા બાદ તેનો બગાડ કેવી રીતે ઓછો થાય તેની આધુનિક ટેકનોલોજી સાથેની જાણકારી ખેડૂતોને માટે ઉપલબ્ધ કરાઈ છે.

## એકલવ્ય એવોર્ડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ખાતે આવેલ શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં આચાર્ય તરીકે કાર્યરત છે.

શિક્ષણને તેમણે સાધનાગણી છે. તેઓએ અનેક વિદ્યાર્થીના જીવનમાં શિસ્ત, સંસ્કારો અને ઉચ્ચ આદર્શોનું સિંચન કર્યું છે. તેઓ વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સંસ્કારો અને શિક્ષણ આપીને ભારતના આદર્શ નાગરિકો તૈયાર કરવાનું ઉદાહરણરૂપ કામગીરી નિભાવી રહ્યા છે.

આ એવોર્ડના નિર્ણાયકો આઈ.આઈ.એમ. અમદાવાદના પ્રોફેસર રાકેશ વસંત, યુનાઈટેડ નેટવર્કસના ડિરેકટરશ્રી ડી.જે. રાડિયા, એ.એમ.એ.ના લેકચરરશ્રી નરેન્દ્ર પંડયા, શ્રેયશ ફાઉન્ડેશનના એકેડેમિક કો. ઓર્ડિનેટરશ્રી કલ્યાણીબેન દવે, કેલેરોકસ ઈન્સ્ટિટયૂટ ઓફ એજયુકેશનના ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા તેમજ લેખિકા સોનલ મોદીની હાજરીમાં શિક્ષકદીનના રોજ એચ.ટી. પારેખ કન્વેન્શન સેન્ટર, એ.એમ.એ. કોમ્પ્લેક્ષ અટીરા કેમ્પસ અમદાવાદ ખાતે યોજાયેલ સન્માન સમારંભમાં એકલવ્ય ફાઉન્ડેશનનાં ચેરમેનશ્રી સુનીલ હાન્ડાની હાજરીમાં મુખ્ય મહેમાનશ્રી શ્રીમતી અંકીતા દિવાકર કાબરા અને શ્રી વર્ધન કાબરા સાહેબના હસ્તે શ્રી બચુભાઈ કે. પટેલને સન્માનિત કરવામાં આવ્યા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શેઠ સી.એમ. શાળા પરિવાર અને ગાંધીનગરનું તેઓએ ગૌરવ વધાર્યું છે.

## રસપ્રદ ગોષ્ઠી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શ્રીમતી કાલીન્દીબહેન ભટ્ટ, શ્રી અનિલભાઈ જૈન, શ્રીમતી મનીષા જૈન, શ્રીમતી મધુ જૈન, સુશ્રી જયશ્રી ખેતિયા, શ્રી પીનાકીન ઠકકર તેમજ શ્રી નરેશ ઠાકર વગેરેનો સહયોગ નોંધપાત્ર બની રહ્યો છે.

ગાંધીનગર સ્થિત કલરવ સાથે જોડાયેલ બાળમિત્રોએ તાજેતરમાં ઈન્દ્રોડા ઉદ્યાનની મુલાકાતમાં વરસતા વરસાદમાં ભીંજાવા સાથો સાથ લીલીછમ્મ હરિયાળીમાં સરીસૃપો, વન્ય પ્રાણી મગર, દીપડા, તેમજ ભાતભાતના પક્ષીઓ સભર પ્રકૃતિને માણી હતી, વળી, કલરવના આ બાળમિત્રોને બાળવિશ્વ વિદ્યાલયના શ્રી યોગેન્દ્રભાઈ પટેલ, શ્રીમતી મમતાબેન, શ્રી હાર્દિકભાઈ ભટ્ટ, શ્રી વિરલભાઈ રાવલ તેમજ શ્રીમતી મીનાબેને બોધવાર્તા સંભળાવી, ગીતો ગવડાવ્યા, વસતા વરસાદમાં પણ મજાની રમતો રમાવડાવીને મસ્તી સાથે મોજ કરવાનો આનંદ અપાવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગીર ફાઉન્ડેશન તરફથી સહકાર મળ્યો છે.

## ૧૦ નબીરાઓ ઝડપાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

જિલ્લા કક્ષાની ફૂટબોલ રમતમાં વિજેતા થતા ગઈ રાત્રે ખેલાડીઓએ સેક્ટર-૨-બી પ્લોટ નં. ૧૪૧૫/૨ ખાતે રહેતા હર્ષ ગોવિંદ પરમારના મકાનમાં ત્રીજા માળે રૂમમાં શરાબ-કબાબની પાર્ટીનું આયોજન કર્યુ હતું. સે. ૭ સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડને આ મહેફૂલ અંગે રાત્રે બાતમી મળતા પી.આઈ. તેમની ટીમના પી.એસ.આઈ. કે.બી. રાણાવત, એએસઆઈ કાનાભાઈ, પો.કો. મૃગેન્દ્રસિંહ, અશોકભાઈ, રતનસિંહ સહિતના માણસો સાથે રાત્રે એક વાગ્યે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા. દરોડો પાડીને દસ હાઈપ્રોફાઈલ નબીરાઓને પોલીસે ચાલુ પાર્ટીએ ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ. ૧,૧૧,૩૦૦ની કિંમતના ૧૨ નંગ મોબાઈલો તથા વિદેશી દારૂની ખાલી અને ભરેલી બોટલો, ઠંડા પીણા, હુક્કો અને ચિકન મસાલા બનાવવા માટે લાવેલા મોટો સગડો અને ઓવન મળીને કુલ રૂ. ૧,૧૮,૭૦૦નો મુદામાલ જપ્ત કરીને દસેય નબીરાઓની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા દસેય નબીરાઓના વાલીઓ ક્યાંક ને ક્યાંક ઉચા હોદ્દાઓ દરાવે છે તો કોઈકના વાલી એન્જીનીયરીંગ તથા બિલ્ડીંગના વ્યવસ્યા સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તમામ નબીરા વિરૂદ્ધ મહેફીલનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.